


# ॥ सत्संगदीक्षा मुखपाठ स्पर्धा ॥
## आफ्रिका

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

પ્રતિ સ્પર્ધકશ્રી,
જય સ્વામિનારાયણ

પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સમગ્ર સત્સંગ સમાજને 'સત્સંગદીક્ષા' ગ્રંથની અમૂલ્ય ભેટ આપી છે. આ ગ્રંથનું લેખનકાર્ય સ્વયં સ્વામીશ્રીએ જ કર્યું છે. તેઓની દૃઢ રુચિ છે કે તમામ સત્સંગીઓ આ ગ્રંથનો વ્યવસ્થિત મુખપાઠ કરે.

સ્વામીશ્રીએ તા. ૬ જુલાઈ ૨૦૨૦ના રોજ પત્રમાં લખી જણાવ્યું છે કે 'સત્સંગદીક્ષા ગ્રંથનો વ્યવસ્થિત અભ્યાસ થાય તેમ આયોજન કરશો.' આ અભ્યાસ માટે જ એક આયોજન છે 'મુખપાઠ સ્પર્ધા'નું.

વળી, આ મુખપાઠ કરવાથી પ્રાપ્ત થનાર અમૂલ્ય ફળ વિશે સ્વામીશ્રી જણાવે છે કે, 'યોગીબાપા રાજી થશે, આગળ જતા ખૂબ લાભ થશે. મહારાજ અને ગુરુપરંપરાનો દાખડો સફળ થશે.' તો સ્વામીશ્રીના આ આદેશને આપણે સહર્ષ વધાવી લેવાનો છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કેટલીક માહિતી આપણે પ્રાપ્ત કરીએઃ

**સ્પર્ધામાં કોણ ભાગ લઈ શકશે ?**

- ૨૫ વર્ષથી લઈને તમામ ઉંમરના, સર્વે પુરુષ-મહિલા હરિભક્તો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

  (નોંધઃ બાલ-બાલિકા અને કિશોર-કિશોરીઓ માટે આ સ્પર્ધા ડિસેમ્બર માસમાં જ લોન્ચ થઈ ગઈ હતી અને તેઓનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે.)

- કાર્યકરો તેમજ સ્વયંસેવકોએ સ્પર્ધામાં ફરજિયાત ભાગ લેવાનો છે.

**શ્રેણી અંગે**

- પ્રત્યેક સ્પર્ધક પોતાની શક્તિ અનુસાર પરમ પૂજ્ય સ્વામીશ્રીની રુચિમાં ભળી શકે તે માટે સમગ્ર સ્પર્ધામાં પાંચ શ્રેણી નક્કી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મહંતજી શ્રેણી | ૬૪ શ્લોક | |
| ૨. | પ્રમુખજી શ્રેણી | ૧૦૦ શ્લોક | |
| ૩. | યોગીજી શ્રેણી | ૨૦૦ શ્લોક | |
| ૪. | શાસ્ત્રીજી શ્રેણી | ૩૧૫ શ્લોક | (સંપૂર્ણ ગ્રંથ મુખપાઠ) |
| ૫. | શ્રીહરિ શ્રેણી | ૨૧ શ્લોક | (ફક્ત ૬૦ વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકો માટે જ) |

**શ્રેણી પસંદગી કેવી રીતે કરવી?**

- સ્પર્ધક પોતાની સ્મરણશક્તિ અનુસાર પોતે કેટલા શ્લોકોનો મુખપાઠ કરી શકશે, તેના આધારે ઉપરોક્ત શ્રેણીમાંથી કોઈ એક શ્રેણીની પસંદગી કરશે.
- તે માટે આપ આપના વિચરણ કરતા પૂજ્ય સંતોનું માર્ગદર્શન પણ પ્રાપ્ત કરી શકશો.

- એકવાર મુખપાઠનો આરંભ કર્યા પછી જો આપને લાગે કે આપે પસંદ કરેલ શ્રેણી કરતા વધુ શ્લોકોનો મુખપાઠ કરી શકાય તેમ છે, તો આપ ગમે ત્યારે વેબ પોર્ટલમાં જઈ લોગ-ઈન કરી પોતાની શ્રેણીમાં ફેરફાર કરી શકો છો.

**સ્પર્ધાની ભાષા**

- સંસ્કૃત અને ગુજરાતી
- સંસ્કૃત તથા ગુજરાતી વાંચતા ન ફાવે, તો અંગ્રેજી લિપીમાં શ્લોકો ઉપલબ્ધ છે.
  (બંને ભાષામાં અનુકૂળ નથી તેવા હરિભક્તોએ પૂજ્ય સંતોનો સંપર્ક કરવો.)

**શ્રેણીમાં કયા શ્લોકોનો મુખપાઠ કરવાનો છે ?**

- સત્સંગદીક્ષા ગ્રંથમાં કુલ ૩૧૫ શ્લોકો છે. આપણા સંપ્રદાયના સિદ્ધાંત, સમજણ, આચરણના પાયાના મહત્વના શ્લોકોનો મુખપાઠ પ્રથમ થાય તે હેતુસર આ મુખપાઠનો ક્રમ શ્રેણી પ્રમાણે ગોઠવવામાં આવ્યો છે અર્થાત્ શ્લોકો ગ્રંથના ક્રમાનુસાર નહીં પરંતુ મુખપાઠની પ્રાયોરિટિ પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે.

- જે સ્પર્ધકને આખા ગ્રંથ(૩૧૫ શ્લોક)નો મુખપાઠ કરવો હોય તો તેણે મૂળ ગ્રંથમાં દર્શાવેલ ક્રમાનુસાર સળંગ મુખપાઠ કરવો. અન્ય તમામ સ્પર્ધકોએ શ્રેણીમાં આપેલ ક્રમાનુસાર મુખપાઠ કરવો.

- શ્લોકોના નંબરો યાદ રાખવા ફરજિયાત નથી. આપને શ્લોક નંબર સાથે મુખપાઠ કરવો હોય તો તે પ્રમાણે કરી શકાય.

**શ્રેણી પસંદ કર્યા બાદ તૈયારી માટે:**

- આપની શ્રેણી પ્રમાણે આપે કયા ૬૪/૧૦૦/૨૦૦ શ્લોક મુખપાઠ કરવાના છે ? તે માટે બુકલેટ તૈયાર કરવામાં આવી છે.

- સ્પર્ધક પોતાની મુખપાઠની ભાષા તથા શ્રેણી પ્રમાણે sdm.bapsafrica.org પર જઈ SHRENI MATERIAL પર ક્લીક કરી પોતાની શ્રેણી પ્રમાણે અને ભાષા પ્રમાણે બુકલેટ પ્રાપ્ત કરી શકશે.

- આ PDF ફાઈલ આપ મોબાઈલમાં રાખી શકો અથવા આપની અનુકૂળતા પ્રમાણે તેને બુકલેટ સ્ટાઈલ(A5 સાઈઝ)માં પ્રિન્ટ પણ કરી શકશો.

- સાથે સાથે આપ સૌને ખ્યાલ છે તે પ્રમાણે મુખપાઠમાં સરળતા માટે સંસ્થા તરફથી 'સત્સંગદીક્ષા' નામની એક એપ્લિકેશન પણ તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશનમાં કેટલીક સુવિધાઓ એવી છે કે જેથી આપને મુખપાઠ કરવામાં સરળતા રહે.

  જો એપ્લિકેશન હજુ ડાઉનલોડ ન કરી હોય તો સત્વરે ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવો.

**મુખપાઠ તૈયારી:**

- મુખપાઠની તૈયારી માટે સેન્ટ્રલી તથા સ્થાનિક રીતે વિવિધ આયોજનો વિચારવામાં આવ્યા છે. આ અંગે પણ સમયાંતરે સભામાં જાહેરાત કરી માહિતી આપવામાં આવશે.

**સ્પર્ધા કેવી રીતે લેવાશે ?**

- આજના વર્તમાન સમયમાં જ્યારે અભ્યાસનો મહાવરો છુટી ગયો હોય, મુખપાઠ કરવો અઘરો પડતો હોય તેવા સંજોગોમાં આપ સૌને ખૂબ સરળતા રહે તે રીતે સ્પર્ધાનો વિચાર કરવામાં આવ્યો છે.

- આપે એક સાથે બધા જ શ્લોકોનો મુખપાઠ કરીને સ્પર્ધા આપવાની નથી.

- આ મુખપાઠ આપવા માટે કેટલાંક દિવસો નક્કી કરવામાં આવ્યા છે. તથા તે માટે શ્લોકોની સંખ્યા, માઈલ સ્ટોન પણ નક્કી કરવામાં આવ્યા છે. તે પ્રમાણે મુખપાઠ આપવાનો રહેશે.

- મુખપાઠ સ્પર્ધાની તારીખો આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| રવિવાર, ૨૮ માર્ચ ૨૦૨૧ | પ્રાગજી ભક્ત જયંતી | પ્રથમ સ્પર્ધા |
| રવિવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૧ | સ્વામિનારાયણ જયંતી | દ્વિતીય સ્પર્ધા |
| રવિવાર, ૦૬ જુન ૨૦૨૧ | યોગી જયંતી | તૃતીય સ્પર્ધા |
| રવિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૧ | રથયાત્રા | ફાઈનલ સ્પર્ધા - ૧<br>(મહંતજી, પ્રમુખજી અને યોગીજી શ્રેણી માટે) |
| રવિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૧ | ગુરુપૂર્ણિમા | ફાઈનલ સ્પર્ધા - ૨<br>(મહંતજી, પ્રમુખજી અને યોગીજી શ્રેણી માટે)<br>ચતુર્થ સ્પર્ધા (શાસ્ત્રીજી શ્રેણી માટે) |
| **શાસ્ત્રીજી શ્રેણી માટે** | | |
| રવિવાર, ૨૯ ઑગસ્ટ ૨૦૨૧ | જન્માષ્ટમી | પંચમ સ્પર્ધા |
| રવિવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧ | જળઝીલણી | ફાઈનલ સ્પર્ધા - ૧ |
| રવિવાર, ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ | મહંતસ્વામી મહારાજ જન્મ જયંતી | ફાઈનલ સ્પર્ધા - ૨ |

- ઉપરોક્ત સ્પર્ધાના દિવસો દરમિયાન આપે શ્રેણી પ્રમાણે કેવી રીતે કયા કયા શ્લોકોનો મુખપાઠ આપવાનો છે તે પણ સમજી લઈએ. ધારો કે આપે મહંતજી શ્રેણીમાં ભાગ લીધો છે. તો આપે આ પ્રમાણે શ્લોકોનો મુખપાઠ કરવાનો રહેશે.

- મહંતજી શ્રેણી માટે:

| તારીખ | માઈલ સ્ટોન | મુખપાઠ શ્લોક | ટોટલ શ્લોક |
|---|---|---|---|
| રવિવાર, ૨૮ માર્ચ ૨૦૨૧ | પ્રાગજી ભક્ત જયંતી | ૨૦ | ૨૦ |
| રવિવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૧ | સ્વામિનારાયણ જયંતી | ૧૨ | ૩૨ |
| રવિવાર, ૦૬ જુન ૨૦૨૧ | યોગી જયંતી | ૨૩ | ૫૫ |
| રવિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૧ | રથયાત્રા | ૦૯ | ૬૪ |
| રવિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૧ | ગુરુપૂર્ણિમા | રિવિઝન | ૬૪ |

- પ્રમુખજી શ્રેણી માટે:

| તારીખ | માઈલ સ્ટોન | મુખપાઠ શ્લોક | ટોટલ શ્લોક |
|---|---|---|---|
| રવિવાર, ૨૮ માર્ચ ૨૦૨૧ | પ્રાગજી ભક્ત જયંતી | ૨૫ | ૨૫ |
| રવિવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૧ | સ્વામિનારાયણ જયંતી | ૧૫ | ૪૦ |
| રવિવાર, ૦૬ જુન ૨૦૨૧ | યોગી જયંતી | ૩૦ | ૭૦ |
| રવિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૧ | રથયાત્રા | ૩૦ | ૧૦૦ |
| રવિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૧ | ગુરુપૂર્ણિમા | રિવિઝન | ૧૦૦ |

- યોગીજી શ્રેણી માટે:

| તારીખ | માઈલ સ્ટોન | મુખપાઠ શ્લોક | ટોટલ શ્લોક |
|---|---|---|---|
| રવિવાર, ૨૮ માર્ચ ૨૦૨૧ | પ્રાગજી ભક્ત જયંતી | **૫૦** | **૫૦** |
| રવિવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૧ | સ્વામિનારાયણ જયંતી | **૩૦** | **૮૦** |
| રવિવાર, ૦૬ જુન ૨૦૨૧ | યોગી જયંતી | **૫૫** | **૧૩૫** |
| રવિવાર, ૧૧ જુલાઈ ૨૦૨૧ | રથયાત્રા | **૬૫** | **૨૦૦** |
| રવિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૧ | ગુરુપૂર્ણિમા | **રિવિઝન** | **૨૦૦** |

- શાસ્ત્રીજી શ્રેણી માટે:

| તારીખ | માઈલ સ્ટોન | મુખપાઠ શ્લોક | ટોટલ શ્લોક |
|---|---|---|---|
| રવિવાર, ૨૮ માર્ચ ૨૦૨૧ | પ્રાગજી ભક્ત જયંતી | **૫૫** | **૫૫** |
| રવિવાર, ૨૫ એપ્રિલ ૨૦૨૧ | સ્વામિનારાયણ જયંતી | **૩૫** | **૯૦** |
| રવિવાર, ૦૬ જુન ૨૦૨૧ | યોગી જયંતી | **૬૫** | **૧૫૫** |
| રવિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૧ | ગુરુપૂર્ણિમા | **૬૫** | **૨૨૦** |
| રવિવાર, ૨૯ ઑગસ્ટ ૨૦૨૧ | જન્માષ્ટમી | **૫૦** | **૨૭૦** |
| રવિવાર, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૧ | જળઝીલણી | **૪૫** | **૩૧૫** |
| રવિવાર, ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ | મહંતસ્વામી મહારાજ જન્મ જયંતી | **રિવિઝન** | **૩૧૫** |

- શ્રીહરિ શ્રેણી માટે:

  વડિલ હરિભક્તો ૨૧ શ્લોકોનો મુખપાઠ સ્પર્ધાના દિવસો દરમિયાન ૪-૪ અથવા એકસાથે પોતાની અનુકૂળતાએ આપી શકશે.

- આ રીતે ટૂકડે ટૂકડે મુખપાઠ આપવાથી આપણને અઘરું નહીં પડે અને મુખપાઠ કરવામાં પણ સરળતા રહેશે.

**સ્પર્ધા આપવા અંગે:**

- વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખપાઠ રૂબરુ બેસાડીને લેવાનો નથી પણ વૉટ્સએપ વિડિયો કોલ દ્વારા મુખપાઠ લેવામાં આવશે.
- દરેક સ્પર્ધકો માટે એક નિર્ણાયકની નિમણૂંક કરવામાં આવી છે. જે આપની સાથે વૉટસ્એપ દ્વારા સંપર્ક કરી આપને સ્પર્ધાના દિવસે સમય આપશે. આપને પ્રાપ્ત થયેલ સમયે આપે અચૂક હાજર રહેવાનું રહેશે.
- નિર્ણાયક સ્પર્ધકને પ્રત્યેક ચાર શ્લોકે એક શ્લોક પૂછશે.
- સ્પર્ધક અને નિર્ણાયકે સરળ રહે તે માટે બુકલેટ પણ એવી રીતે જ ડિઝાઈન કરવામાં આવી છે કે દરેક પેજ પર ચાર શ્લોક જ હોય.
- નિર્ણાયક સ્પર્ધકને શ્લોકનો પ્રથમ શબ્દ જણાવશે. જો શબ્દ લાંબો હશે તો તે શબ્દના પ્રથમ ચાર-પાંચ અક્ષર જણાવશે.
- સ્પર્ધક શ્લોકની રજૂઆત, પ્રકાશિત કરેલ શ્લોકોની વૈદિક ગાનશૈલી મુજબ કરે તો ઘણું સારું અને તે કદાચ ન ફાવે તો સાદી રીતે બોલીને પણ કરી શકશે.

- શ્લોકમાં બે કરતા વધુ ભૂલ પડે તો તે શ્લોક ખોટો ગણાશે. નિર્ણાયકનો નિર્ણય અંતિમ ગણાશે.
- કોઈપણ કારણસર આપ મુખપાઠના માઈલ સ્ટોન પ્રમાણે શ્લોકોનો મુખપાઠ ન કરી શક્યા અથવા તો કેટલાક શ્લોકો આપના ખોટા પડ્યા તો તે સંજોગોમાં આગામી સ્પર્ધામાં તે શ્લોકોનો મુખપાઠ આપે ફરી આપવાનો રહેશે.
- શાસ્ત્રીજી શ્રેણીમાં ટૂકડે ટૂકડે શ્લોકોનો મુખપાઠ આપ્યા બાદ એક ગ્રાન્ડ સ્પર્ધા 'સંપૂર્ણ શ્લોક મુખપાઠ' પણ યોજાશે જેમાં સ્પર્ધકોએ એક સાથે સંપૂર્ણ ગ્રંથનો મુખપાઠ આપવાનો રહેશે. આ અંગે તે શ્રેણીમાં ભાગ લેનાર સ્પર્ધકોને વિશેષ માહિતી આપવામાં આવશે.

***રજીસ્ટ્રેશન પ્રોસેસ:***

- આ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરવા માટે અહીં આપેલ લીંક પર ક્લીક કરવાનું છે. sdm.bapsafrica.org રજીસ્ટ્રેશન માટે એક સ્પેશ્યલ વેબ પોર્ટલ બનાવવમાં આવ્યું છે.
- અહીં ડાબી તરફ રજીસ્ટ્રેશનના બટન પર ક્લીક કરવાથી રજીસ્ટ્રેસન ફોર્મ ખૂલશે.
- જેમાં આપે આપનું નામ, સેન્ટર, વૉટ્સએપ ફોન નં (જેથી કરીને નિર્ણાયકો આપને વૉટ્સએપ કોલ દ્વારા સંપર્ક કરી શકે), ઈ-મેઈલ તથા બર્થ-ડેટ જેવી સામાન્ય માહિતી અને સ્પર્ધાને લગતી માહિતી પણ ભરવાની રહેશે. જેમ કે, આપે મુખપાઠની કઈ શ્રેણીમાં ભાગ લીધો છે, કઈ ભાષામાં આપ મુખપાઠ કરવાનો છો ? વગેરે.

***વેબ પોર્ટલ પર લોગ-ઈન કેવી રીતે કરવું ?***

- આ માટે આપે વેબ પોર્ટલ પર રજીસ્ટ્રેશન સમયે જે ફોન નંબર એન્ટર કરેલ છે તે ફોન નંબર એન્ટર કરી લોગ-ઈન થઈ શકાશે.
- લોગ-ઈન થયા બાદ આપ રજીસ્ટ્રેશન સમયે ભરેલ માહિતીમાં ફેરફાર કરી શકશો. જેમાં આપ પસંદ કરેલ શ્રેણી પણ બદલી શકશો.

  ચડતી શ્રેણીમાં જ શ્રેણી બદલી શકાશે અર્થાત્ મહંતજી શ્રેણીમાંથી પ્રમુખજી, યોગીજી કે શાસ્ત્રીજી શ્રેણીમાં જઈ શકાશે પણ યોગીજી શ્રેણીમાંથી પ્રમુખજી કે મહંતજી શ્રેણીમાં નહીં જઈ શકાય.
- વળી, અહીં એક ચેકલીસ્ટ ફેસેલિટી પણ આપવામાં આવી છે. જેમાં આપે કેટલા શ્લોકોનો મુખપાઠ કર્યો છે તેની નોંધ કરી શકશો.
- અહીંથી જ આપને આપનું પરિણામ પણ દેખાશે કે આપે કેટલા શ્લોકોનો મુખપાઠ સાચો આપ્યો છે.

આપને મુખપાઠમાં સરળતા રહે તે રીતે જ સમગ્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. હવે માત્ર ગુરુહરિની રુચિમાં ભળવાનું છે. તેમની આજ્ઞા અનુસાર અક્ષરધામના અધિકારી બનવાનું છે.

સર્વે સ્પર્ધકોને શુભેચ્છા

જય સ્વામિનારાયણ